**વિષયઃ- તા.૨૦-૦૭-૨૦૨૬ નાં જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ.**

**સભ્યશ્રીનું નામઃ- શ્રીમતિ જાનકીબેન જીતુભાઇ કાટોલીયા**

| પ્રશ્ન ક્રમ | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|
| ૧૦ (૧) | રાજકોટ શહેરમાં દર વર્ષ કેટલા કરોડના નવા રોડ બને છે ને (છેલ્લા બે નાણાકિય વર્ષમાં) કેટલા કરોડના પેચ વર્ક કરવામાં આવે છે જે નવા રોડ બનાવવા આવે છે. તે રોડ ઉપર કઇ એજન્સીએ બનાવ્યો છે. કેટલા વર્ષ ગેરેન્ટી વારો રોડ બનાવીયો છે તેના બોર્ડ રોડ બનાવેલ ઉપર નામ એજન્સીનુંને મોબાઇલ નંબર જેથી અધિકારી, કોર્પોરેટરને પબ્લિકને ધ્યાનમાં રહે તો બોર્ડ મારવામાં આવે એવી વિનંતી. | વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અંદાજે રૂ.૨૧૮.૦૭ કરોડના નવા રોડ, રી-કાર્પેટિંગ / રોડ ડેવલપમેન્ટના કામો તથા રૂ.૨૭.૭૪ કરોડના રોડ પેચવર્કના કામો હાથ ધરવામાં આવેલ છે.<br><br>રોડના કામોમાં કરારની શરતો મુજબ ૫ (પાંચ) વર્ષની ડિફેક્ટ લાયબિલિટી / ગેરંટી પીરીયડ નિર્ધારિત કરવામાં આવે છે. ગેરંટી સમયગાળા દરમિયાન કામમાં કોઈ ખામી જણાય તો સંબંધિત એજન્સી દ્વારા કરારની જોગવાઈઓ મુજબ જરૂરી મરામત / સુધારાની કાર્યવાહી કરાવવામાં આવે છે.<br>રોડ ઉપર કામગીરી કરનાર એજન્સીનું નામ, ગેરંટી પીરીયડ તથા સંપર્ક નંબર દર્શાવતું બોર્ડ મૂકવા અંગે સભ્યશ્રી દ્વારા કરવામાં આવેલ સૂચન નોંધવામાં આવેલ છે. આ બાબતે પ્રચલિત નીતિ-નિયમો, વહીવટી વ્યવસ્થા તથા વ્યવહારુ શક્યતાઓને ધ્યાને લઈ યોગ્ય સ્તરે વિચારણા કરી જરૂરી જણાશે તો નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે. |

**એડી. સીટી એન્જીનીયર**
**(સેન્ટ્રલ ઝોન)**
**રાજકોટ મહાનગરપાલિકા**

વિષયઃ- તા.૨૦-૦૭-૨૦૨૬ નાં જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ.

સભ્યશ્રીનું નામઃ- શ્રીમતિ જાનકીબેન જીતુભાઇ કાટોલીયા

| પ્રશ્ન ક્રમ | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|
| ૧૦ (૨) | જે ગેરેન્ટી વારા રોડ બનાવેલા હોઇ તે પુરા લેવલથી રોડ નથીએ બનેલને ઉચા નીચાને નાના બોજ (ખાડા) હોવાથી પાણી ભરાઇને ટુટી જાઇ છે ખરાબ રોડ બનેલો હોવાથી ઉચ્ચ અધિકારીએ કઇ એજન્સીને નોટીસ આપી કે દંડ કરીયોને કઇ એજન્સીને બ્લેક લીસમાં મુકીને તે રોડના જવાબદાર અધિકારી પર શું પગલા લેવામાં આવ્યા. | રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રોડના કામો મંજૂર થયેલ ડિઝાઇન, ટેકનિકલ સ્પેસિફિકેશન, **IRC** તથા **MoRTH** ની જોગવાઈઓ અનુસાર કરવામાં આવે છે. રોડના પ્રકાર, હાલની રોડની સ્થિતિ, આસપાસની મિલ્કતોના પ્લીન્થ લેવલ, વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા, અન્ડરગ્રાઉન્ડ યુટિલિટીઝ તથા લાગુ રોડનાં લેવલને ધ્યાનમાં રાખીને રોડ બનાવવામાં આવે છે.<br>રાજકોટ મહાનગરપાલિકામાં રોડના કામો કરારની શરતો મુજબ ૫ વર્ષની ડિફેક્ટ લાયબિલિટી પિરિયડ હેઠળ આવરી લેવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન જો રોડમાં કરારની જોગવાઈ મુજબ કોઈ ખામી જણાય તો સંબંધિત એજન્સીને પોતાના ખર્ચે જરૂરી મરામત તથા સુધારણા કરવાની ફરજિયાત જોગવાઈ છે. ગેરંટી સમયગાળા દરમિયાન અત્યાર સુધીમાં ૫ – રોડમાં સંબંધિત એજન્સીઓ દ્વારા ડિફેક્ટ લાયબિલિટી પિરિયડ અંતર્ગત જરૂરી સુધારણા/મરામતની કામગીરી કરાવવામાં આવેલ છે. |

એડી. સીટી એન્જીનીયર

(સેન્ટ્રલ ઝોન)

રાજકોટ મહાનગરપાલિકા